# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# આપણે કહેવાતા ધર્મી અને આપણે માનેલા અધર્મી

**અજ્ઞાની :** અજ્ઞાની બાળજીવો અનંત ભવ ભ્રમણથી ભટકતા ભટકતા અનંતીવાર મનુષ્યપણું પ્રાપ્ત કર્યું હશે. અનેક વખત મોક્ષમાર્ગી ધર્મ અને સંપ્રદાય પ્રાપ્ત થયો હશે. અનેક વખત જૈનકુળ અને જૈનધર્મ (શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો બોધ) મળ્યો હશે. છતાં જીવ પરીણામ સ્વરૂપ શું પામ્યો તેનો વિચાર કરે. પૂર્વમાં ઘણું ઘણું પુણ્યનું ઉપાર્જન કર્યું હશે અને ઘણી ઘણી કષાયોની મંદતા કરી હશે, ત્યારે જૈનકુળ અને જૈનધર્મ મળ્યો. તો જીવ વિચાર કરે કે આ ભવમાં શું પ્રાપ્ત કર્યું ? પૂર્વનાં ભવોમાં જે કર્યું તે જ કર્યું કે કશું વિશેષ કર્યું ? જીવ જ્યારે જ્યારે મનુષ્યપણું અને આર્યકુળ અને આર્યધર્મ મેળવે છે, ત્યારે ત્યારે જાણતાં કે અજાણતા પુણ્ય તો મેળવે જ છે (બાંધે છે, ઉપાર્જન તો કરે જ છે.) આ ભવમાં પણ કહેવાતા ધર્મી અને અધર્મી પુણ્ય તો બંને બાંધે છે. કોઈ જીવો થોડું વધારે અને કોઈ જીવો થોડું ઓછું બાંધે છે. બંને પ્રકારનાં જીવો મનુષ્યપણું અને જૈનકુળનું મહત્વ ગુમાવીને નિષ્ફળપણું પામે છે. જીવે પૂર્વમાં અનંતીવાર શું કર્યું ? પુણ્ય બાંધ્યું અને કહેવાતો ધર્મી બન્યો પણ સાચો ધર્મી ન બન્યો (બન્યો હોત તો જીવની આ દશા ન હોત). ઘણાં

## * સત્સંગ *

**ધર્મી હો યા અધર્મી**

**''અનંત ભવ ભ્રમણમાં ફરવાનું કારણ'' :**
**જીવે પોતાની સમજણે કરેલો અનુકૂળતામાં ધર્મ**
**''ભવ ભ્રમણથી છુટવાનું કારણ'' :**
**જીવે કરેલો જ્ઞાનીની સમજણનો પ્રતિકુળતામાં ધર્મ**

જીવો પૂર્વમાં બળવાન પુણ્ય પ્રાપ્ત કરીને આ ભવમાં જૈનકુળમાં જન્મ્યા અને ઘણું ઘણું અર્થનું પ્રાપ્તીપણું થયું અને તેનાં કારણે ઘણાં સુખનાં સાધનો મેળવ્યા, છતાં જીવનમાં શાંતી છે ? આનંદ છે ? શાંતીથી આહાર-નિંદ્રા લઈ શકે છે? પૂર્વમાં બાંધેલું બળવાન પુણ્યનું ફળ પ્રત્યક્ષ જીવો અનુભવી અને જોઈ શકે છે, છતાં જીવોની પુણ્ય બાંધવાની લેશ્યા ઓછી ન થઈ. તેમાં દોષ કોનો ? બાળજીવોનો કે સાચો ધર્મ ન આપે તેનો ? જીવ અનંતીવાર કહેવાતો ધર્મી બન્યો અને જગતમાં ધર્મીપણું બતાવવા જેટલો પ્રયત્ન કર્યો તેનાથી ઓછો પ્રયત્ન ધર્મી બનવા કર્યો હોત તો સાચો ધર્મી બન્યો હોત અને અલ્પભવોમાં મોક્ષનો અધીકારી બને તેવા ગુણો પ્રગટ્યા હોત ! જીવે અનેક ભવોમાં ધર્મ કાં

**અનર્થનું કારણ અર્થ અને**
**અર્થનાં કારણે અનર્થપણું.**
**અનર્થ (માન-દેહભાવ)નાં કારણે જ**
**અર્થનું આરાધન ''અને''**
**અર્થનું આરાધનવું અનર્થનાં કારણે જ.**

જગતને દેખાડવા કર્યો કાં ધર્મી કહેવડાવવા કર્યો કાં ધર્મ કુળ પરંપરાએ કે લોક અભિપ્રાયે કર્યો અને કહેવાતો ધર્મી બનીને જગતને છેતરવાનો પ્રયાસ કર્યો, પણ જગત છે ત્યાં જ રહ્યું. જીવ પોતે જ છેતરાણો અને તેને કારણે ભવ ભ્રમણમાં ફરતો રહ્યો અને દુ:ખીપણું પામ્યો. ભવ ભ્રમણમાંથી છુટવું હોય અને મોક્ષની અભિલાષા હોય તો

**અધર્મી અર્થનો અનર્થ કરે છે.**
**ધર્મી ''અર્થનો'' જ અનર્થ કરે છે.**
**(વ્યય અને વિરાધના)**

સૌ પ્રથમ અજ્ઞાન ટાળવું, ધર્માચાર્યો પાસેથી જગતનું સાચું સ્વરૂપ જાણવું અને મોક્ષમાર્ગ શું છે ? અને શું કરવાથી મોક્ષ પ્રાપ્તી થાય તેનું જ્ઞાન લેવું અને પાંચ ઈન્દ્રિયોનાં વિષયો, ચાર કષાયો અને રાગ-દ્વેષ કેમ ટાળવા અને નામનું અને માનનું મમત્વ કેમ છૂટે તેનાં ઉપાય જાણીને જે થઈ શકે તેનો બળવાન પ્રયત્ન કરવો કે જેથી આ ભવ મોક્ષ પ્રાપ્તીનું કારણ બની જાય.

**''સાચા મોક્ષમાર્ગની જીવને યથાર્થ સ્વરૂપની સમજણ એ પણ અલ્પભવોમાં જવાનું કારણ બને.''**

**Website : www.jainojago.com**

## ■ ધર્મ એટલે શું ? ■

**જેમાં આત્માનું લક્ષ હોય,**
**જેમાં આત્માનો ઉપયોગ હોય, અને**
**જેનાથી આત્મિક ગુણો પ્રગટે તેનું નામ ધર્મ,**
**અને તે જે ધારણ કરે તે ધર્મી.**
**શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા બોધને**
**''જે જીવ ધારણ કરે તે ધર્મી,**
**જે જીવ ત્યાગે તે અધર્મી''.**
**શ્રી પરમાત્માની મુખ્ય દેશનાં (બોધ)**
**''પરમાંથી ઉપયોગ પાછો વાળ,**
**અને**
**સ્વ ઉપર ઉપયોગ મૂક''.**

હવે આગળનાં લેખાંક ૩૬નાં અનુસંધાનમાં કહેવાતા ધર્મી અને અધર્મીનાં લક્ષણોની વિચારણા કરીએ.

૯. **અધર્મી :** દેહને સુશોભીત અને સશક્ત રાખવાં ઘણાં

# જૈનો જાગો

લેખાંક : ૩૮

## ■ ધર્મી-અધર્મીસાર ■

**જીવ નિશ્ચય બોધ ન પામે ત્યારે શું પામે ?**

**૧. જીવ સંસારમાં અને ધર્મમાં માન મેળવવાની વૃત્તિ બળવાન બનાવે.**
**૨. માનવૃત્તિ બળવાનને કારણે જીવ પુણ્ય પ્રકૃતિ ગાઢ કરે.**
**૩. પુણ્ય પ્રકૃતિ ગાઢનાં કારણે સંસાર ભાવ બળવાન.**
**૪. સંસારભાવ બળવાનને કારણે સંસારીક સુખનાં સાધનો મેળવવાની વૃત્તિ બળવાન.**
**૫. સંસારીક સુખનાં સાધનો મળવાથી ભોગવવાની પ્રવૃત્તિ નિરંતર. સંસારીક સુખનાં સાધનો મેળવવા અને ભોગવવા માટે દેહભાવ અને માનભાવ બળવાન.**
**૬. દેહભાવ અને માનભાવ બળવાનને કારણે કષાયભાવ બળવાન (કષાયોનું મુખ્યપણું)**
**૭. કષાયોનાં મુખ્યપણાંનાં કારણે રાગ-દ્વેષનું સહજ સ્વરૂપ રહેવું.**
**૮. રાગ-દ્વેષનાં કારણે અજ્ઞાન (વિનય-વિવેક અને સંયમનો અભાવ)**
**૯. અજ્ઞાનનાં કારણે મિથ્યાત્વ ગાઢ.**
**૧૦. મિથ્યાત્વ ગાઢનાં કારણે સત્યની ઝુરણાનો અભાવ (જિજ્ઞાસાવૃત્તિનો અભાવ).**
**૧૧. સત્યની ઝુરણાનાં અભાવે નિશ્ચય બોધથી દૂર (આત્મધર્મની અજ્ઞાનતા).**
**૧૨. નિશ્ચય બોધથી દૂરનાં કારણે મોક્ષ અને મોક્ષમાર્ગથી અજ્ઞાન અને અનંત અનંત દુ:ખ અને અનંત ભવ ભ્રમણનાં માર્ગે (મિથ્યાત્વનાં માર્ગે)**

ઉપાયો કરે છે.

૯. **કહેવાતા ધર્મી :** દેહને સુશોભીત અને સશક્ત રાખવાં કાંઈ ઉપાયો કરે છે ?

૧૦. **અધર્મી :** ભાવતો અને ઈચ્છા થાય ત્યારે આહાર ગ્રહણ કરે છે.

૧૦. **કહેવાતા ધર્મી :** ભાવતો આહાર અને ઈચ્છા થાય ત્યારે આહાર ગ્રહણ કરે છે ?

૧૧. **અધર્મી :** પ્રતિકુળતાઓ દૂર કરવા જ્યોતિષ અને દેવ-દેવીઓનો આધાર લે છે.

૧૧. **કહેવાતા ધર્મી :** પ્રતિકુળતાઓ દૂર કરવાનું વિચારે છે? જ્યોતિષ અને દેવ-દેવીઓનો આધાર લે છે ?

૧૨. **અધર્મી :** હોય તેના કરતાં સારો દેખાવાની કોશિષ કરે છે.

૧૨. **કહેવાતા ધર્મી :** જેવા હોઈએ તેવા દેખાવવાની કોશિષ કરીએ છીએ ?

૧૩. **અધર્મી :** આછી મહેનતે વધારે અર્થ પ્રાપ્તીની કોશિષ કરે છે.

૧૩. **કહેવાતા ધર્મી :** મહેનતનાં પ્રમાણમાં અર્થની આશા રાખીએ છીએ ?

૧૪. **અધર્મી :** સ્વાર્થ માટે દેવ દર્શન સગવડતાએ કરી અને અગવડતાએ છોડી દે (છોડવાનું કારણ દેહની પ્રતિકુળતા બતાવે).

૧૪. **કહેવાતા ધર્મી :** સ્વાર્થ રહીત દેવ દર્શન કરે છે ? અને દેહની પ્રતિકુળતામાં પણ દેવ દર્શન કરે છે ?

૧૫. **અધર્મી :** સંપ્રદાયનાં મોટા દિવસોમાં (જેમ કે નજીકનાં શ્રી પરમાત્માનાં મંદિર-દહેરાસરની સાલગીરા કે પર્યુષણ પર્વ જેવા દિવસોમાં) કુળપરંપરાએ દેવ દર્શન કરે છે અને લોકાર્થે-માનાર્થે અર્થ વાપરે છે અને આવા શ્રેષ્ઠ દિવસોમાં પણ વ્યવહાર અને વેપાર ચાલુ રાખે છે.

૧૫. **કહેવાતા ધર્મી :** સંપ્રદાયનાં મોટા દિવસોમાં (સાલગીરા કે

## * સત્સંગનું ફળ *

**જાણે જ્ઞાન, માને જ્ઞાન, આપે જ્ઞાન,**
**તુટે ભ્રમણા તો છુટે ભ્રમણ.**
**''કરે ધરમ આપે ધરમ,**
**છુટે કરમ ફુટે ભ્રમણ''**

પર્યુષણ પર્વનાં દિવસોમાં) દેવ દર્શન અને વ્રત-તપ કરીને એ દિવસોમાં ધર્મભાવમાં રહેવા માટે વ્યવહાર અને વ્યાપારનો ત્યાગ કરીએ છીએ ?

૧૬. **અધર્મી :** યાત્રા પ્રવાસ કરવા પોતાનાં પરિવાર અને સ્નેહી સાથે જાય ત્યારે પરિવારને સુખમાં રાખવા અને પોતે સુખમાં રહેવા સારી ધર્મશાળા અને સારા ભાવતાં આહારની પહેલા વ્યવસ્થા કરે છે અને પછી અનુકૂળતા પ્રમાણે પ્રભુ ભક્તિ કરે છે.

## ■ સાચો ધર્મી ■

**''સાચું જ્ઞાન જાણવાનું (માનવાનું) ફળ''**
**અજ્ઞાન ટળે તો રાગ-દ્વેષ પાતળા પડે,**
**રાગ-દ્વેષ પાતળા પડે તો દેહભાવ છુટે,**
**દેહભાવ છુટે તો કષાયોનાં મુળ કપાય,**
**કષાયોનાં મુળ કપાય તો નિર્ભયતા અને**
**અહિંસક ભાવ આવે.**
**''મુક્તિ માંગવી ન પડે પણ મુક્તિનાં દ્વારે જીવ પહોંચે (મોક્ષ)''**

૧૬. **કહેવાતા ધર્મી :** યાત્રા પ્રવાસ વખતે પરિવાર સાથે જ યાત્રા પ્રવાસ કરીએ છીએ ? (પરિવાર આશ્રિત હોવાથી) કે અન્ય સ્નેહીઓને સાથે આગ્રહપૂર્વક લઈ જઈએ છીએ ? સ્નેહીઓને (વ્યવહાર સંબંધ) સાચવવા તેમને સારૂં લગાડવા જતાં (રહેણાંક અને આહારની સારી સગવડતા કરતાં) આપણે પ્રભુભક્તિ ચૂકીએ છીએ કે નહીં તેનો વિચાર કર્યો ?

૧૭. **અધર્મી : સંસારમાં સંસારભાવનું સ્મરણ કરે છે.**

૧૭. **કહેવાતા ધર્મી : ધર્મમાં સંસારભાવનું (પુણ્યનું) સ્થાપન કરે છે કે આત્મભાવનું ?**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.